| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધીકારી દ્વારા**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**<br>**અમદાવાદ શહેર (P.R.O.)**<br>**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**<br>**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૨૭/૦૭/૨૦૨૩   ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૨૨૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૨૬૭ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ કાર, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૪૧,૧૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૨૨૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ-   સમાચાર યાદી નં.૧૨૨૭/૨૦૨૩

**કાગડાપીઠઃ** ભુપેન્દ્રભાઇ રામકીશનભાઇ યાદવ (ઉ.વ.૩૮) (રહે. પાર્શ્વનાથ ટાઉનશીપ કો.ઓ.હાઉસીંગ સોસાયટી કૃષ્ણનગર નરોડા) એ તા.૨૬/૦૭/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ભુપેન્દ્રભાઇ યાદવ મહીપતરામ આશ્રમની પાછળ ગરીમા લોજીસ્ટીક નામની ઓફીસ ધરાવી ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા હોઈ ભુપેન્દ્રભાઈ યાદવના ટ્રાન્સપોર્ટ ઓફીસ ખાતે આયસર ગાડી ચલાવતા ડ્રાયવર તા.૨૦/૦૬/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સુરતથી માલ ભરી લઈ આવી ટ્રાન્સપોર્ટની ઓફીસ આગળ આયસર પાર્ક કરી આયસર ગાડીમાં જ સુઈ ગયા હતા, દરમ્યાન તા.૨૧/૦૬/૨૦૨૩ સવારના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આયસર ગાડીમાંથી અલગ-અલગ વેપારીઓના કાપડના પાર્સલ નંગ-૪ કિમત રૂપિયા ૧,૧૫,૩૪૨/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૮/૨૦૨૩**

**નરોડાઃ** ઉષાબહેન વા/ઓ તુલસીરામ પાટીલ (ઉ.વ.૫૪) (રહે. આનંદચોક ફદેલી સૈજપુર બોઘા કૃષ્ણનગર) તા.૨૫/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે નરોડા માછલી સર્કલથી આગળ હર્ષદ લોટની ઘંટી વચ્ચેથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગની મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઉષાબહેન પાટીલના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ઝૂટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉષાબહેન પાટીલ એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.ટી.ડામોર ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૯/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ચાંદખેડા દ્વારકેશ ફ્રેગરંસ નામની નવી બનતી સાઇટ ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા તેજલબહેન ડો/ઓ રાજેશભાઇ પરમાર (ઉ.વ.૧૯) (મુળ વતન. અમથાણી તા-કડાણા જી-મહિસાગર) તા.૧૭/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે પહેલા માળની સીડીએથી નીચે ઉતરતી વખતે પગ લપસી જતાં નીચે પડી જતાં ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે તેમને એસ.એમ.એસ. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૭/૨૦૨૩ કલાક ૮/૨૪ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

**ઝેરી જીવજંતુ કરડતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૦/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ચાંદખેડા જગતપુર સ્મશાન સામે નવી બનતી અદાણી કંટ્રકશન સાઈટ લેબર કોલોની પ્લોટ “સી” ખાતે રહેતા રાણીબહેન તેનસિંહ ભાભોર (મુળ વતન. ગામ-લીમખેડા તા.જી-ધર મધ્યપ્રદેશ) નાઓના ૩ વર્ષના પુત્રને તા.૨૫/૦૭/૨૦૨૩ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે કોલોનીના રહેણાંક ખાતે ઝેરી જીવજંતુ કરડતા સારવાર માટે તેને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૬/૪૦ વાગે તેનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતિભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૧/૨૦૨૩**

**બાપુનગરઃ** જૈનીશ સ/ઓ ભરતભાઇ દેસાઇ (ઉ.વ.૨૫) (રહે. રાજધાની એપાર્ટમેન્ટ પ્રતિક શાક માર્કેટની બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૨૦૨૩ કલાક ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**સરદારનગરઃ** અનિતાબહેન વા/ઓ જશવંતભાઇ કાબા (ઉ.વ.૩૦) (રહે. નેહરુનગરનાં છાપરાં કેવલ કચોરી પાછળ કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે સીવીલ હોસ્પિટલ ખાતે લઈ જતાં ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી